**પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ફરીયાદની નકલ ફરીયાદીને તુર્તજ આપવા બાબત.**

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
પરિપત્ર ક્રમાંક: પરચ/૨૯૯૫/૪૪૧૫/ડ,
૨, સરદાર ભવન, સચિવાલય,
ગાંધીનગર.
તા.:૨૯-૫-'૯૫.

**પરિપત્ર :-**

તારીખ: ૧૨-૫-'૯૫ના રોજ સચિવાલય, ગાંધીનગર ખાતે માન. મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપદ હેઠળ સર્વે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અને પોલીસ કમિશનરશ્રી/ જિલ્લા પોલીસ અધિકારીશ્રીની એક પરિષદ મળી હતી. સદર પરિષદમાં એવું એક સૂચન કરવામાં આવ્યું હતું કે, સામાન્ય પ્રજાજનો તરફથી સામાન્યત: એવી ફરીયાદો જિલ્લા સત્તાવાળાઓ સમક્ષ કરવામાં આવે છે કે, પોલીસ સ્ટેશન ખાતે પ્રજાજનો જ્યારે ફરીયાદ કરવા જાય છે, ત્યારે તેઓની ફરીયાદ નોંધવામાં આવતી નથી. અને જો ફરીયાદ નોંધવામાં આવી હોય તો તેની નકલ આપવામાં આવતી નથી.

૨. પ્રવર્તમાન રાજ્ય સરકારની નીતિ અનુસાર રાજ્ય સરકારના વહિવટને પારદર્શક અને પ્રજાભિમુખ હોવાની છાપ સામાન્ય જન પર ઉપસી શકે તે હેતુસર પોલીસ સ્ટેશન અમલદારે દરેક નાગરિકની ફરીયાદ અચૂક નોંધવી જોઈએ તથા તેની નકલ પણ તેઓને મળવી જ જોઈએ. એવું પણ જણાયું છે કે, ફરીયાદની નકલ ફરીયાદીને સાદા કાગળમાં આપવામાં આવે છે, પણ તેમ કરવાના બદલે જો પોલીસ સ્ટેશનમાં નોંધાતી ફરીયાદ ત્રણ નકલમાં તૈયાર કરી એક નકલ પોલીસ સ્ટેશન માટે, બીજી નકલ કોર્ટ માટે તથા ત્રીજી નકલ ફરીયાદીને તેજ વખતે આપવામાં આવે તો આ બાબતમાં પ્રજાજનોને રજૂઆત/ ફરીયાદ કરવાનું કાંઈ કારણ રહેશે નહીં.

૩. ઉકત સૂચન સંબંધમાં પરિષદમાં ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી અને સઘળાં પાસાંઓને લક્ષમાં લઈ પુખ્ત વિચારણાના અંતે સદર સૂચનનો સરકારશ્રીએ સ્વીકાર કર્યો હતો.

૪. પ્રસ્તુત બાબતમાં ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩નો કલમ: ૧૫૪ની જોગવાઈઓ

...૨.

પરત્વે સર્વે પોલીસ કમિશનરશ્રી/જિલ્લા પોલીસ અધિકારીશ્રીનું ધ્યાન દોરવામાં આવે છે. ક્રિમાનલ પ્રોસીજર કોડ : ૧૯૭૩ની કલમ: ૧૫૪(૧)ની જોગવાઈઓ અનુસાર નિગ્રહણીય અપરાધ (Cognizable Offence ) ના સંદર્ભમાં બાતમીદારે મૌખિક રીતે આપેલ બધી બાતમીનું પોલીસ સ્ટેશન અમલદારે લેખિત સ્વરુપ આપી/અપાવીને તે લખાણ બાતમીદારને વાંચી સંભળાવવાનું હોય છે. લેખિત સ્વરુપમાં પરિવર્તન પામેલ આવી પ્રત્યેક બાતમી કે લેખિત સ્વરુપમાં આપેલ બાતમીની નીચે બાતમીદારે સહી કરવાની હોય છે, તથા તેનો સાર રાજ્ય સરકારે નિયત કરેલ નમૂનાના રજીસ્ટરમાં પોલીસ સ્ટેશન અમલદારે દાખલ કરવાનો હોય છે. કલમ: ૧૫૪(૨)ની જોગવાઈ અનુસાર નોંધાયેલી બાતમીની એક નકલ તુર્તજ નિઃશુલ્ક રીતે બાતમીદારને આપવાની હોય છે.

૫. આથી તમામ પોલીસ કમિશનરશ્રી / જિલ્લા પોલીસ અધિકારીશ્રીને જણાવવામાં આવે છે કે; ક્રિમાનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ની કલમ: ૧૫૪ની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવામાં આવે અને કોગ્નીઝીબલ અપરાધ સંબંધમાં બાતમીદારે આપેલ બાતમી (ફરીયાદીએ આપેલ ફરીયાદ) સરકારે નિયત કરેલ નમુનાના રજીસ્ટરમાં ત્રણ નકલોમાં નોંધવામાં આવે તથા ત્રીજી નકલ બાતમીદાર (ફરીયાદીને) તુર્તજ નિઃશુલ્ક આપવામાં આવે તે મુજબની વ્યવસ્થા તાત્કાલિક ગોઠવવા માટે તેઓના તાબા હેઠળના સંબંધકર્તા તમામ પોલીસ સ્ટેશન અધિકારીઓને જરુરી સૂચના આપવી અને આ સૂચનાનો અમલ તારીખ: ૧-૬-'૯૫ થી અચૂકપણે થાય તે જોવું.

૬. આ પરિપત્ર મળ્યાની પહોંચ પાઠવવી તથા આ બાબતમાં લીધેલ પગલાંની જાણ તાત્કાલિક આ વિભાગને કરવા વિનંતી છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એસ. એલ. વર્મા )
અધિક મુખ્ય સચિવ,
ગૃહ વિભાગ.

પ્રતિ,
પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., અમદાવાદ
અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઈ.ડી.(ગુનાઓ) ગુ.રા., અમદાવાદ
અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઈ.ડી.(રેલ્વે), ગુ.રા., અમદાવાદ.

...૩.

તમામ પોલીસ કમિશનરશ્રી
ખાસ મુખ્ય પોલીસ અધિકારીશ્રી, અમદાવાદ વિભાગ, અમદાવાદ/ગાંધીનગર વિભાગ
ગાંધીનગર
નાયબ મુખ્ય પોલીસ અધિકારીશ્રી, સૌરાષ્ટ્ર ઉત્તર વિભાગ, રાજકોટ
સૌરાષ્ટ્ર દક્ષિણ વિભાગ, જુનાગઢ / વડોદરા વિભાગ, વડોદરા
તમામ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી
તમામ જિલ્લા પોલીસ અધિકારીશ્રી
પોલીસ અધિક્ષકશ્રી,(પશ્ચિમ રેલ્વે), વડોદરા
ગૃહ વિભાગની તમામ શાખાઓ.

વિરલ:૨૯૫:સ્ટેઉ.